જનધન
શિક્ષા - I

લેસન્સ
રીસોર્સીસ
આઈડિયાઝ

પ્રધાનમંત્રી જન-ધન યોજના
મેરા ખાતા ભાગ્ય વિધાતા

બચત શા માટે જરૂરી છે ?

એવી વસ્તુ ખરીદવા માટે કે જે નિયમિત આવકમાંથી ન ખરીદી શકાય.

અણધાર્યા ખર્ચાઓ જેવાકે માંદગી, અકસ્માત, મૃત્યુ, આફત

પોતાનું ઘર ખરીદવું, ઉચ્ચ અભ્યાસ જેવા મોટા ખર્ચાઓ ને પહોંચી વળવા

ઘડપણમાં અથવા જ્યારે ન કમાઈ શકીએ ત્યારે જરૂરીયાતોને પહોંચી વળવા.

શા માટે બચત બેંકમાં કરવી ?

સલામતી

ઘરની અંદર ડબ્બામાં, પથારી નીચે અથવા પાકીટમાં રાખેલા પૈસાની ચોરી/નુકશાન થઈ શકે છે. તેને પૂર જેવી કુદરતી આફતોના સમયે પણ નુકશાન થઈ શકે છે જ્યારે બેંકમાં પૈસા સલામત રહે છે.



વિકાસ

બેંક ખાતામાં રાખેલા પૈસા પર આપણને વ્યાજ મળે છે. તેનાથી પૈસામાં વધારો થાય છે. ઘરમાં રાખેલા પૈસામાં વધારો થતો નથી.

લોન

આપણી બચત, થાપણો કે રીકરીંગ થાપણોને આધારે બેંક આપણી ઘર ખરીદી અથવા અભ્યાસ જેવી જરૂરીયાતો માટે લોન આપી શકે છે.

નો યોર કસ્ટમર (કેવાયસી)

1. • કેવાયસી એ ખાતું ખોલતી વખતે બેંક દ્વારા ગ્રાહકની ઓળખ અને સરનામાની માહિતી મેળવવાની પ્રક્રિયા છે.
2. • સત્તાવાર રીતે માન્ય દસ્તાવેજો: a) પાસપોર્ટ, b) ડ્રાઇવિંગ લાઇસન્સ, c) **મતદાર ઓળખ કાર્ડ**, d) પાન કાર્ડ, e) **આધાર કાર્ડ** , f) નરેગા **કાર્ડ**.
3. • જો આ દસ્તાવેજોમાં સરનામાનો ઉલ્લેખ હશે તો, તેને સરનામાના પૂરાવા તરીકે પણ સ્વીકારવામાં આવશે.

પાસપોર્ટ

નરેગા કાર્ડ

ડ્રાઇવિંગ લાઇસન્સ

ફોટો*

આધાર કાર્ડ

પાન કાર્ડ

મતદાર કાર્ડ

***સત્તાવાર દસ્તાવેજો ના હોય તો -**
હાલનો ફોટો અને બેંક અધિકારીની સમક્ષ સહી/અંગૂઠો કરી ચોક્કસ મર્યાદા સાથેનું "લઘુ ખાતું" ખોલાવી શકાય છે.

સગીર ખાતાના કિસ્સામાં ૧૮ વર્ષ પૂરા થયે (પુખ્ત ઉમરે), કેવાયસી દસ્તાવેજો રજૂ કરવા.

બેંક ખાતાના પ્રકાર

બચત ખાતું

- ખાતામાં જમા અને ઉપાળ માટેની સગવળતા.
- ગ્રાહકોને પાસબુક, ચેકબુક વિગેરે, ATM /ડેબીટ કાર્ડ આપવામાં આવે છે.
- જમા રકમ પર વ્યાજ મળવા પાત્ર છે.

ચાલુ ખાતું

- ચાલુ ખાતું પેઢી/કંપની ના નામે ખોલવામાં આવે છે.
- લેવળ-દેવળ સંખ્યા ની કોઈ મર્યાદા નથી.
- બેંક દ્વારા આવા ખાતામાં કોઈ વ્યાજ ચૂકવવામાં આવતું નથી.

રીકરીંગ જમા ખાતું

- નિયત સમય માટે ચોક્કસ રકમ જમા કરવી.
- બચત ખાતા કરતાં વધારે વ્યાજની ચૂકવણી.
- મુદ્દત પૂરી થયે અથવા પહેલા ઉપાડની પરવાનગી.

બાંધી મુદ્દતની થાપણ

- ૭ દિવસથી ૧૦ વર્ષ સુધીની ચોક્કસ મુદ્દતનું થાપણ ખાતું.
- બેંકો બાંધી મુદ્દતની થાપણ પર ઊંચું વ્યાજ ચૂકવે છે.
- વ્યાજ માસિક / ત્રિમાસિક સમયગાળે ઉપાડી શકાય છે અથવા સંચિત કરી શકાય છે.

લઘુ ખાતું

- હાલનો ફોટો અને બેંક અધિકારીની સમક્ષ સહી / અંગૂઠો કરી “લઘુ ખાતું” ખોલાવી શકાય છે.
- ૧૨ મહીના સુધી માન્ય.
- આવા ખાતામાં કોઈ પણ સમયે બેલેન્સ ૫૦,૦૦૦ રૂપીયાથી વધવું ન જોઈએ.

બુનિયાદી બચત ખાતું

- લઘુત્તમ બેલેન્સની જરૂરીયાત નથી.
- ડેબીટ કાર્ડની સુવિધા.
- ૧૦ વર્ષથી વધુની ઉંમર વાળી કોઈ પણ વ્યક્તિ બુનિયાદી બચત ખાતું ખોલાવી શકે છે.

સેવાઓ

સ્થાનાંતરણ

- બેંક પૈસાનું સલામત, ઝડપી અને કુશળતાથી એક થી બીજી જગ્યાએ અને એક વ્યક્તિથી બીજી વ્યક્તિ સુધી સ્થાનાંતરણ કરે છે.
- બેંક શાખા, સૂક્ષ્મ ATM સાથેના બેંક મિત્ર, ઇન્ટરનેટ બેંકિંગ, મોબાઈલ બેંકિંગ, NEFT /RTGS મારફતે પણ થઈ શકે છે.

મોબાઈલ બેંકિંગ

- NEFT/ RTGS, IMPS & બીલ ચૂકવણી થઈ શકે છે.

ATM કાર્ડ

- તમામ ATM પર ઉપાડ માટે અને PoS મશીન પર કેશ વગર ખરીદીના બીલની ચૂકવણી કરવા માટે માન્ય.
- ATM થી પૈસાના ઉપાડ વખતે અને PoS વ્યવહાર વખતે PIN નંબરનો ઉપયોગ થાય છે.
- PIN સમયાંતરે બદલવો જોઈએ અને નંબર ક્યારેય કોઈને આપવો ન જોઈએ.
- ATM કાર્ડ અભણ ગ્રાહકોને પણ આપી શકાય છે.
- RuPay ડેબીટ કાર્ડ એક લાખના અકસ્માત વીમા કવચ સાથેનું નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) દ્વારા રજૂ કરવામાં આવેલ સ્થાનિક સ્વદેશી ડેબીટ કાર્ડ છે.

ઇન્ટરનેટ બેંકિંગ

- ઈન્ટરનેટ બેંકિંગ ઇલેક્ટ્રોનિક ચુકવણી પદ્ધતિ છે.
- નાણાં ટ્રાન્સફર, બીલ ચૂકવણી, ખાતાની પૂછપરછ, ઓનલાઇન ટીકીટ બુકીંગ જેવી સુવિધા પ્રદાન કરે છે.

લોન

- ઘર ખરીદવા, ગાડી, ઘરગથ્થુ સામાન, અભ્યાસ વિગેરે માટે બેંકો લોન આપે છે.
- કૃષિ, ધંધા-વેપાર, ઉદ્યોગ અને સેવા ક્ષેત્ર જેવી આર્થિક પ્રવૃત્તીઓ માટે પણ બેંકો દ્વારા લોન આપવામાં આવે છે.
- જુગાર જેવી ગેરકાનૂની પ્રવૃત્તી માટે લોન આપવામાં આવતી નથી.
- બેંકો તરફથી આપવામાં આવતી લોનનો વ્યાજદર સાહુકારો કરતાં ઘણોજ ઓછો હોય છે.

ઓવરડ્રાફ્ટ

- બેલેન્સ ખતમ થયા પછી યોગ્યતા અને મંજૂરી પ્રમાણેના વધારાના ઉપાડની સગવડતા.

પેન્શન

અટલ પેન્શન યોજના અંતર્ગત રૂપીયા ૧૦૦૦ થી ૫૦૦૦ સુધીના પેન્શનની ખાતરી (ઉંમર 18 - 40).

સામાજિક સુરક્ષા યોજનાઓ

પ્રધાન મંત્રી જન-ધન યોજના

- માનનીય વડાપ્રધાન દ્વારા ૨૮ ઓગષ્ટ ૨૦૧૪ ના રોજ શુભારંભ.
- યોજનામાં ગ્રામીણ અને શહેરી વિસ્તારોના કુટુંબોને બેંક ખાતા દ્વારા આવરી લેવાનો ધ્યેય છે.
- ૧૦ વર્ષથી ઉપરના સગીર પોતાનું બચત ખાતું કોઈ પણ બેંકમાં ખોલાવી શકે છે.
- RuPay ડેબિટ કાર્ડ ગ્રાહકને રૂપીયા એક લાખનો નિશૂલ્ક અકસ્માત વીમા કવચ પ્રદાન કરે છે.
- અકસ્માત વીમા કવચનો લાભ લેવા, RuPay ડેબીટ કાર્ડનો ઉપયોગ ૪૫ દિવસમાં ઓછામાં ઓછો એક વખત કરવો અનિવાર્ય છે.
- **ખાતામાં ૬ માસના સંતોષકારક વ્યવહાર પછી, કુટુંબના એક વ્યક્તિને રૂપીયા ૫૦૦૦ સુધીના ઓવરડ્રાફ્ટની સુવિધા ઉપલબ્ધ છે.**

પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના

- PMSBY એ ખાતા ધારકને રૂપીયા બે લાખ સુધીનું આકસ્મિક મૃત્યુ અને વિકલાંગતા વીમા કવચ પૂરું પાડવાની વીમા યોજના છે.
- ૧૮ થી ૭૦ વર્ષ સુધીના તમામ બચત ખાતા ધારકો રૂપીયા ૧૨ ના પ્રતિ વર્ષ પ્રતિ સભ્ય નવીનીકરણીય વીમા યોજના માટે પાત્ર છે.

પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના

- PMJJBY એ રૂપીયા બે લાખ સુધીના કોઈ પણ કારણે થયેલા મૃત્યુ સામે જીવન વીમા કવચ પૂરું પાડવાની વીમા યોજના છે.
- બેંક શાખાઓ/બેંક મિત્ર પાસે ઉપલબ્ધ છે.
- ૧૮ થી ૫૦ વર્ષ સુધીના તમામ બચત ખાતા ધારકો આ વીમા યોજના માટે પાત્ર છે.
- પ્રીમિયમનો દર રૂપીયા ૩૩૦ ઉપરાંત સર્વિસ ટેક્સ પ્રતિ વર્ષ પ્રતિ સભ્ય. દર વર્ષે નવીનીકરણ થઈ શકે છે.

પ્રધાન મંત્રી મુદ્રા યોજના (PMMY)

- માન. વડાપ્રધાનશ્રીએ તારીખ ૦૮.૦૪.૨૦૧૫ ના રોજ **Small Industries Development Bank of India (SIDBI)** અંતર્ગત પ્રધાન મંત્રી મુદ્રા યોજના ખુલ્લી મુકી.
- બિન-કોર્પોરેટ લઘુ ધંધા-રોજગાર ક્ષેત્રને નાણાંકીય સુવિધાઓનો ઔપચારિક પ્રવેશ આપવો.
- નાના ઉત્પાદન એકમો, દુકાનદારો, ફળ/શાકભાજીના ફેરિયાઓ, ટ્રક-ટેક્ષી ચાલકો, ખોરાકી સેવા એકમો, મરામત દુકાનો, નાના ઉધ્યોગો, શેરી વિક્રેતાઓ અને બીજા અન્ય જેવા અર્થતંત્રના નાણાંવિહોણા વર્ગને બેંકના નાણાંના ઉપયોગ માટે પ્રોત્સાહન અને ખાતરી આપવી.

મુદ્રા દ્રષ્ટિ

પિરામિડના સૌથી નીચેનાના વ્યાપક આર્થિક અને સામાજિક વિકાસ માટે સંકલિત નાણાંકીય અને આધાર સેવાઓ પ્રદાતા બનવું, કે જે સર્વશ્રેષ્ઠ હોવાની સાથે સાથે વિશ્વસ્તરની સર્વોત્તમ પધ્ધતીઓ અને ધોરણોને અનુરૂપ હોય.

મુદ્રા ધ્યેય

આર્થિક સફળતા તથા નાણાંકીય સુરક્ષાની પ્રાપ્તી હેતુ આપણી સહભાગી સંસ્થાઓના સહકારથી સમાવેશી, ટકાઉ અને મૂલ્ય આધારીત ઉધ્યોગ સાહસિકતાના સંસ્કારનું નિર્માણ કરવું.

મુદ્રા ઉદ્દેશ

અમારો મૂળ ઉદ્દેશ સહભાગી સંસ્થાઓ ના વિકાસ તથા પ્રોત્સાહન અને લઘુ ઉધ્યોગ ક્ષેત્રના વિકાસ માટે પારિતંત્રના નિર્માણથી સમાવેશી અને ટકાઉ રીતે વિકાસ પ્રાપ્ત કરવાનો છે.

પ્રશ્ન. શું તમે જાણોછો કે તકનિકી સ્નાતકો પણ **MUDRA** અંતર્ગત લોન મેળવી શકે છે ?

જવાબ. ધંધાના પ્રકાર અને યોજનાની જરૂરીયાતના આધારે, મુદ્રાના કોઈ પણ એક મધ્યસ્થી પાસેથી તમે નિયમાનુસાર લોન મેળવી શકો છો.

મુદ્રા લોનના પ્રકારો

શિશુ
`૫૦,૦૦૦ સુધી

કિશોર
`૫૦,૦૦૦ થી ૫ લાખ સુધી

તરુણ
`૫ લાખ થી ૧૦ લાખ સુધી

કોઈ જામીનગીરી વીના

શિશુ લોન માટે કોઈ પ્રોસેસિંગ ફી અને માર્જીન નહી.

કોઈ પણ ભારતીય નાગરિક કે જેની પાસે ઉત્પાદન, પ્રોસેસિંગ, વેપાર અથવા સેવા ક્ષેત્ર જેવી આવક પેદા થાય તેવા બિન-ખેતી ધંધા-વ્યવસાયનું આયોજન હોય તેમજ જેની લોનની જરૂરીયાત ૧૦ લાખ રૂપીયા સુધીની હોય.

મુદ્રા કાર્ડએ એક **RuPay** ડેબીટ કાર્ડ હશે કે જે ઓવરડ્રાફ્ટ ના સ્વરૂપમાં કાર્યકારી મૂડીની સુવિધા પ્રદાન કરે છે, તેનો **ATM, બેંક મિત્ર & PoS** પર ઉપયોગ કરી શકાય છે.

PMMY અંતર્ગત લોન કેવી રીતે મેળવી શકાય ?

બેંક ધિરાણ લેનાર

યોગ્ય ધંધાનો વિચાર

લોન અરજી

જાહેર/ખાનગી ક્ષેત્રની વાણીજ્ય બેંક, ક્ષેત્રિય ગ્રામીણ બેંક અથવા સહકારી બેંક

લોન અરજીની યોગ્ય પ્રક્રિયા

લોન દસ્તાવેજોની તૈયારી

લોનની મંજૂરી/ચૂકવણી

વધુ માહિતી માટે નજીકની બેંક શાખાનો સંપર્ક કરો અથવા www.mudra.org.in પર લોગ ઇન કરો.